# ટ્રેનમાં મુસાફરી કરતા પેસેન્જરના મોબાઇલ ચોરી કરનાર ઇસમને મોબાઇલ ફોન સાથે ઝડપી પાડતી, કાપોદ્રા પોલીસ.

કાપોદ્રા પો.સ્ટે. સર્વેલન્સ સ્ટાફના પો.કર્મચારીઓ પો.સ.ઇ. નાઓની સાથે નાઇટ પેટ્રોલીંગ દરમ્યાન એક શકમંદ ઇસમ નામે શાહનવાઝ મોહીઝ અહેમદ સીદ્દીકી (સૈયદ) ઉ.વ.૨૭ ધંધો. બેકાર રહે. મ.નં.૫૪, આસ્માનનગર ઉન પાટીયા સચીન, સુરતનાને પકડી તેની પાસે એક મોબાઇલ ફોન મળી આવેલ જે મોબાઇલના ઓરીજનલ બિલ, ચલણ કે માલીકી બાબતે લેખિત આધાર પુરાવા માંગતા નહી હોવાનું અને તેની યુકિત પ્રયુકિતથી પુછપરછ કરતા સદર મોબાઇલ તેણે અવધ એકસપ્રેસ ટ્રેનમાં વાપીથી બેસી અંકલેશ્વર સુધીની મુસાફરીમાં એક સુતેલા પેસેન્જરનો મોબાઇલ ચોરી કરી ટ્રેનમાંથી ઉતરી પરત બસમાં બેસી સુરત હીરાબાગ સર્કલ પાસે ઉતરેલ હોવાનુ જણાઇ આવેલ જેની પાસેથી મળી આવેલ મોબાઇલ ફોન નંગ-૦૧ કી.રૂ.૧૦,૦૦૦/- ના સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આરોપીની ગુન્હાની એમો :-સદરહુ આરોપી નાઓ રાત્રીના સમયે ટ્રેન મુસાફરી વખતે સુતેલા મુસાફરોનો મોબાઇલ ફોન ચોરી કરવાની એમ.ઓ ધરાવે છે.